## LPG ગેસ ચોરીનું રેકેટ પકડાયું

**ભીલાડ** નજીક કરમબેલા હાઈવે પર ટેન્કર ડ્રાઇવર સહિત ત્રણની ધરપકડ, 63.86 લાખનો મુદ્દામાલ કબજે






ઉમરગામઃ ભીલાડ નજીક કરમબેલા હાઈવે તરફના સર્વિસ રોડ પર આઈસર ટેમ્પો ઊભો રાખી સિલિન્ડરમાંથી LPG ગેસ કોમર્શિયલ ઘરેલું ગેસના ખાલી બોટલોમાં ભરી ગેસની ચોરી થઈ રહ્યાના કૌભાંડનો વલસાડ વાપી એસઓજી પોલીસે પર્દાફાશ કર્યો છે. પોલીસે 63,86,000 નો મુદ્દામાલ જપ્ત કરી ડ્રાઈવર સહિત ત્રણની ધરપકડ કરી છે.

પ્રાપ્ત પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ વલસાડ કેમ્પ વાપી એસઓજી પોલીસને બાતમી મળી હતી કે અમરેલી પીવાવાવ પોર્ટ ખાતેથી એક આઈસર ટેન્કર એલપીજી ગેસ લિક્વિડ પેટ્રોલિયમ ગેસનો જથ્થો ભરીને નીકળો છે અને કરમબેલી ગામ દમણગંગા ઢાબાની સામે અમ્મા કંપની પાસે નેશનલ હાઈવે નંબર 48 વાપીથી મુંબઈ તરફના સર્વિસ રોડ પર ગેસ ભરેલું આ ટેન્કર નંબર જીજે 06 એએક્ષ 5451 ઉભેલો છે અને ટેન્કરનો ચાલક સ્થાનિક મળતીયાઓ મારફતે ટેન્કરમાંથી એલપીજી ગેસની ચોરી કરી ખાલી બોટલોમાં ભરી રહ્યા છે.

આ બાતમીના આધારે 05:45 કલાકે સદર જગ્યાએ પહોંચી ટેન્કર પાસે હાજર ત્રણ જણાને કોર્ડન કરી લીધા હતા અને ડ્રાઈવર ભીમ શિવકુમાર યાદવ (રહે., ડીહવા, થાણા તારૂન, જિલ્લા ફૈઝાબાદ) તથા સુરેશ ઉર્ફે ખારા પ્રકાશ ગોદારા (રહે., કરમબેલી, દમણગંગા ઢાબાની સામે) અને અશોક બાબુરામ ગોદારા (રહે., સરીગામ જીઆઈડીસી, ત્રણ રસ્તા)ની અટક કરી હતી. જ્યારે નહીં પકડાયેલા સતપાલ ગોદારા વિરુદ્ધ દાખલ કર્યો હતો. પોલીસે આઈસર ટેન્કર કિંમત રૂપિયા 25 લાખ, એલપીજી ગેસ 17 ટન 480 કિલોગ્રામ કિંમત રૂપિયા 34,96,000 એલપીજી ગેસની બિલ્ટી ગેસ રિફિલિંગ પાઈપ કિંમત રૂપિયા 5000 ગેસની બોટલો નંગ 20 કિંમત રૂપિયા 20,000 તથા મહેન્દ્ર બોલેરો પિકઅપ કિંમત રૂપિયા 3 લાખ મોબાઈલ ફોન ચાર કિંમત રૂપિયા 65 હજાર મળી કુલ રૂપિયા 63,86,000 નો મુદ્દામાલ કબજે લીધો હતો.

## દારૂના વેપારમાં મહિલા પોલીસકર્મીના આગોતરા નામંજૂર

વલસાડઃ વાપી ટાઉન પોલીસમથકની મહિલા કોન્સ્ટેબલ બુટલેગર સાથે દારૂના વેપલામાં જોડાઈ હોવાનું બહાર આવ્યું હતું. જેનું નામ ખુલ્યા બાદ પોલીસ તેની ધરપકડ કરશે એ માટે તેણે આગોતરા જામીન માટે વાપીની એડિશનલ કોર્ટમાં અરજી કરી હતી. જેની સુનાવણી હાથ ધરાતા જજ એચ. એન. વકીલે સરકારી વકીલ અનિલ ત્રિપાઠીની દલીલ ગ્રાહ્ય રાખી આ અરજી નામંજૂર કરતો હુકમ કર્યો છે. વાપી ટાઉન પોલીસ મથકે ફરજ બજાવતી મહિલા પોલીસ કોન્સ્ટેબલ જાગૃતિ કાળુભાઈ બાગુલે પોતાની કાર અક્ષય નામના બુટલેગરને દારૂની હેરાફેરી માટે આપી હતી. જાગૃતિ અક્ષય સાથે દારૂનો ભાગીદારીમાં વેપાર કરતી હતી. ત્યારે પારડી પોલીસે આ બનાવ સંદર્ભે ગુનો દાખલ કરી તેનું નામ બહાર પાડ્યું હતું.

## વાપી મનપાની વોર્ડ નં. ૯થી ૧૩માં રોચક ચૂંટણી જંગ જામશે

**બે** વોર્ડમાં ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધો જંગ, જ્યારે ૧૨માં માજી સરપંચની પેનલથી ત્રિપાંખિયો જંગ

વાપીઃ વાપી મહાનગરપાલિકાની પહેલી ચૂંટણી ઘણી રોચક બને તેવા એંધાણ છે. વોર્ડ નં. ૯થી ૧૩માં ચૂંટણીનો બરાબર જંગ જામે તેવું દેખાઈ રહ્યું છે. આ પાંચ વોર્ડની વાત કરીએ તો વોર્ડનં. ૧૦ અને વોર્ડનં.૧૧માં ભાજપ અને કોંગ્રેસનો સીધો મુકાબલો છે. અહીં દર વખતે એક વોર્ડમાં સાથે ઊભા રહેતા કોંગ્રેસના પીરૂ મકરાણી તેમજ ખંડુભાઈ પટેલ આ વખતે અલગ અલગ વોર્ડમાં ઊભા રહ્યા છે. પીરૂભાઈ વોર્ડ નં. ૧૦ની સામાન્ય બેઠક પરથી ચૂંટણી લડે છે. જ્યારે ખંડુભાઈ પટેલ પછાત વર્ગની બેઠક ઉપરથી ચૂંટણી લડી રહ્યા છે. નવા સિમાંકને કોંગ્રેસના આ બે નેતાઓને જુદા જુદા વોર્ડમાં ચૂંટણી લડવા માટે મજબૂર કર્યા છે. બીજી રીતે કહીએ તો કોંગ્રેસની આ સ્ટેટજી પણ હોય કે બંને નેતાઓને અલગ અલગ વોર્ડમાં ઉતારવા. હવે આ તો ચૂંટણી છે એટલે બધી સંભાવનાઓ વચ્ચે ભાજપ અને કોંગ્રેસનો આ બે વોર્ડમાં સીધો મુકાબલો છે. બીજી તરફ વોર્ડ નં. ૧૨માં ચણોદના માજી સરપંચ જીતુભાઈ માહ્યવંશીએ આદિવાસી સેના પાર્ટી (એએસપી)ની આખી પેલન ચાર ઉમેદવારની ઉતારી છે. જ્યારે અહીં ભાજપ ચારે બેઠક ઉપર લડી રહ્યું છે. પરંતુ કોંગ્રેસે ત્રણ બેઠક ઉપર લડી રહ્યું છે. આમ આ વોર્ડમાં ભાજપ-કોંગ્રેસ તેમજ એએસપી વચ્ચે ત્રિપાંખિયો જંગ છે. વોર્ડ નં.૯માં શહેર ભાજપના પૂર્વ પ્રમુખ તેમજ પાલિકામાં કારોબારી ચેરમેન રહી ચૂકેલા મિતેશ દેસાઈ ચૂંટણી લડી રહ્યા છે તેમજ પાલિકામાં પ્રમુખ રહી ચૂકેલા ભાજપના ઉમેદવાર ટીનાબેન હળપતિ પણ આ વોર્ડમાં ચૂંટણી લડી રહ્યા છે. આ વોર્ડની ચૂંટણી પણ રસપ્રદ બની છે.

### ૯થી ૧૩ વોર્ડના પ્રતિસ્પર્ધી ઉમેદવારો

| વોર્ડ નં. | ઉમેદવારનું નામ | પક્ષ | બેઠક પ્રકાર |
|---|---|---|---|
| વોર્ડ નં. ૯ | અનિલ પટેલ | કોંગ્રેસ | પછાતવર્ગ |
| | ચિંતન શાહ | કોંગ્રેસ | સામાન્ય |
| | ટીનાબેન હળપતિ | ભાજપ | અનુસુચિત આદિજાતિ સ્ત્રી |
| | ભાવનાબેન પટેલ | કોંગ્રેસ | સામાન્ય સ્ત્રી |
| | મિતલ શાહ | ભાજપ | સામાન્ય સ્ત્રી |
| | મિતેષ દેસાઇ | ભાજપ | સામાન્ય |
| | રંજુબેન હળપતિ | કોંગ્રેસ | અનુસુચિત આદિજાતિ સ્ત્રી |
| | વિપુલ પટેલ | ભાજપ | પછાતવર્ગ |
| | સુનિલ પ્રજાપતિ | આપ | સામાન્ય |
| | હેમાંગ શાહ | અપક્ષ | સામાન્ય |
| વોર્ડ નં. ૧૦ | અજય મહેતા | કોંગ્રેસ | અનુસૂચિત જાતિ |
| | ઉરમિલા યાદવ | કોંગ્રેસ | સામાન્ય સ્ત્રી |
| | પીરમહંમદ મકરાણી | કોંગ્રેસ | સામાન્ય |
| | મનીષાબેન પટેલ | ભાજપ | પછાતવર્ગ સ્ત્રી |
| | રાજુ પટેલ | ભાજપ | અનુસૂચિત જાતિ |
| | વિનોદ યાદવ | ભાજપ | સામાન્ય |
| | સ્મિતાબેન પટેલ | કોંગ્રેસ | પછાતવર્ગ સ્ત્રી |
| | સોનલકુમારી પટેલ | ભાજપ | સામાન્ય સ્ત્રી |
| વોર્ડ નં. ૧૧ | ખંડુ પટેલ | કોંગ્રેસ | પછાત વર્ગ |
| | જેતલબેન પટેલ | ભાજપ | પછાતવર્ગ સ્ત્રી |
| | દિવ્યેશ પટેલ | ભાજપ | સામાન્ય |
| | નસરીનબેન પાનવાલા | કોંગ્રેસ | પછાતવર્ગ સ્ત્રી |
| | પુનમબેન પટેલ | ભાજપ | સામાન્ય સ્ત્રી |
| | લોચનાબેન કટકે | કોંગ્રેસ | સામાન્ય સ્ત્રી |
| | હર્ષદ પટેલ | કોંગ્રેસ | સામાન્ય |
| | હેમંત પટેલ | ભાજપ | પછાતવર્ગ |
| વોર્ડ નં. ૧૨ | દિનેશ ગુંડ | ભાજપ | સામાન્ય |
| | નીતાબેન ખાનીયા | ભાજપ | સામાન્ય સ્ત્રી |
| | પ્રફુલ સિંગ | કોંગ્રેસ | સામાન્ય |
| | મુકેશ પટેલ | ભાજપ | પછાતવર્ગ |
| | યોગિતા અહીરે | કોંગ્રેસ | સામાન્ય સ્ત્રી |
| | લક્ષ્મિકુમારી સિંહ | કોંગ્રેસ | સામાન્ય સ્ત્રી |
| | શિલ્પાબેન દેસાઇ | ભાજપ | સામાન્ય સ્ત્રી |
| | અસ્મિતા પટેલ | એએસપી | પછાતવર્ગ સ્ત્રી |
| | જીતેન્દ્ર માહયાવંશી | એએસપી | સામાન્ય |
| | રેશ્માબેન પટેલ | એએસપી | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| | સ્નેહલ પટેલ | એએસપી | પછાતવર્ગ |
| | સુરેખાબેન પટેલ | અપક્ષ | સામાન્ય સ્ત્રી |
| વોર્ડ નં. ૧૩ | ઇલાબેન પટેલ | ભાજપ | સામાન્ય સ્ત્રી |
| | ક્રિષ્ના ભાનુશાલી | કોંગ્રેસ | સામાન્ય સ્ત્રી |
| | દર્શનાબેન હળપતિ | ભાજપ | સામાન્ય સ્ત્રી |
| | દિનેશ પ્રસાદ | કોંગ્રેસ | સામાન્ય |
| | દિપક પટેલ | કોંગ્રેસ | પછાતવર્ગ |
| | નરગિશ ખાન | કોંગ્રેસ | સામાન્ય સ્ત્રી |
| | નિલેશ રાઠોડ | ભાજપ | સામાન્ય |
| | મહેશ પટેલ | ભાજપ | પછાતવર્ગ |
| | મનુ પટેલ | અપક્ષ | પછાતવર્ગ |
| | સાધનાબેન પટેલ | અપક્ષ | પછાતવર્ગ સ્ત્રી |

## સેલવાસ-દમણની RTOમાં CBIના દરોડામાં અધિકારી, એજન્ટની અટક

**સેલવાસ** RTOમાં વાહન રજિસ્ટ્રેશનમાં લાંચ મંગાયાની ફરિયાદ સાથે મુંબઈ સીબીઆઈની તપાસ

**અધિકારી** બીપીન પવારના 5, એજન્ટ મુકુંદ કોંકણીના 3 દિવસનાં રિમાન્ડ મંજૂર



દમણ-વાપીઃ સંઘપ્રદેશ સેલવાસ અને દમણના આર.ટી.ઓ કચેરી પર મુંબઈ સી.બી.આઈ.ની ટીમ દ્વારા છાપો પાડવામાં આવ્યો હતો. જેમાં સી.બી.આઈ.ની ટીમે સેલવાસ અને દમણની કચેરીમાંથી જરૂરી મહત્ત્વના દસ્તાવેજો કબજે કરી આ મામલે આર.ટી.ઓ. અધિકારી અને એક એજન્ટની અટક કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મુંબઈના એક ફરિયાદી દ્વારા સેલવાસ આર.ટી.ઓ. કચેરીમાં વાહનના રજિસ્ટ્રેશનના કામો અંગે એક એજન્ટ દ્વારા લાંચ માંગી હોવાની વાતને લઈને ફરિયાદીએ આ મામલે મુંબઈ સી.બી.આઈ. ને ફરિયાદ કરી હતી. જે ફરિયાદના આધારે મુંબઈ સી.બી.આઈ.ની ટીમે બુધવારે મોડી રાત્રે સેલવાસ આર.ટી.ઓ. કચેરી પર છાપો પાડ્યો હતો. સાથે એક ટીમ દમણની આર.ટી.ઓ. કચેરી પર પણ આવી જરૂરી મહત્ત્વના દસ્તાવેજો લઈને પરત સેલવાસ આવી હતી. જે બાદ સેલવાસ આર.ટી.ઓ.

કચેરીમાંથી પણ જરૂરી વાહનોના દસ્તાવેજ કબજે કરી આર.ટી.ઓ. અધિકારી બીપીન પવાર અને એક એજન્ટ મુકંદ કોંકણીની સઘન પૂછપરછ હાથ ધરી હતી. જે બાદ ગુરુવારના રોજ અધિકારી અને એજન્ટને સેલવાસ કોર્ટમાં હાજર કરતાં કોર્ટે આર.ટી.ઓ. અધિકારી બીપીન પવારના 5 દિવસના અને એજન્ટ મુકુંદ કોંકણીના 3 દિવસના સી.બી.આઈ. રિમાન્ડ મંજૂર કર્યા હોવાનું જાણવા મળ્યું છે. ત્યારે રિમાન્ડ મંજૂર થતાં સી.બી.આઈ.ની ટીમે આર.ટી.ઓ. અધિકારી અને એજન્ટને મુંબઈ લઈ જવા માટે સાંજે રવાના થયા હોવાની માહિતી મળવા પામી છે.

ઉલ્લેખનિય છે કે, અગાઉ પણ વાહન પાર્સિંગને લઈને મુંબઈ સી.બી.આઈ.ને લાંચની અનેક ફરિયાદ મળવા પામી હતી. અને ભૂતકાળમાં પણ દમણ અને સેલવાસ આર.ટી.ઓ. પર સી.બી. આઈ.નો છાપો પડી ચૂક્યો છે. અને જે તે સમયના આર.ટી.ઓ. અધિકારીને સસ્પેન્ડ કરવા સુધીની કાર્યવાહી થવા પામી છે. ત્યારે સી.બી.આઈ.ના આ રીમાન્ડ બાદ કઈ કઈ માહિતીઓ અધિકારીઓને મળવા પામે છે અને આ બાબતે હવે શું કાર્યવાહી કરશે તે હવે જોવું રહ્યું.

## ચર્ચમાં પ્રાર્થનાના બહાને સાથે રાખી કિશોરી પર દુષ્કર્મ કરનારને 20 વર્ષની કેદ

**માથાનો** દુખાવો સારો ન થતાં નરાધમે માતા-પિતાને પોતાની પાસે મૂકવા જણાવ્યું હતું



વલસાડઃ પારડી તાલુકાના એક ગામના પરિવારની બીમાર રહેતી 14 વર્ષીય કિશોરીને તેના માતા-પિતા તેને સારું ન થતાં તેઓ તેને કપરાડાના ચર્ચમાં પ્રાર્થના કરાવનાર પાસે લઈ ગયા હતા. આ શખ્સે તેની સારવાર માટે તેને પોતાને ત્યાં રાખવાની વાત કરી અને ચર્ચમાં વધુ પ્રાર્થનાની વાત કરી હતી. જેના બહાને તેણે તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. આ કેસની ધરમપુર કોર્ટમાં સુનાવણી હાથ ધરાતા સરકારી વકીલ ભરતભાઈ પ્રજાપતિની દલીલ ગ્રાહ્ય રાખી જજ એ. એ. મિર્ઝાએ આરોપીને 20 વર્ષની સજા અને રૂ. 26 હજારનો દંડ ફટકારતો હુકમ કર્યો હતો તેમજ ભોગ બનનાર કિશોરીને રૂ. 2 લાખનું વળતર ચૂકવવાનો પણ આદેશ કર્યો હતો.

કિશોરીએ ગત સપ્ટેમ્બર માસમાં માથા દુખાવાની ફરિયાદ કરી હતી. જેને લઈ તેના માતા પિતા તેને ડોક્ટરના બદલે જાત જાતના ભગત ભુવા અને દરગાહ પર લઈ ગયા હતા, તેના જેઠ ખ્રિસ્તી ધર્મ પાળતા હોય તેના તેને ચર્ચમાં પ્રાર્થના કરી માંદગી દૂર કરાવવા લઈ ગયા હતાં. જ્યાં તેમનો ભેંટો શંકરભાઈ કિશનભાઈ વળવી (રહે., આસલોણા, કપરાડા) સાથે થયો હતો. તેણે પહેલાં કિશોરીને સારી કરવાના નાટક કર્યું છતાં તેણીને સારું ન લાગતા ત્યાં મૂકી જવાનું કહેતા માતા-પિતા પુત્રીને તેને ત્યાં મૂકી ગયા હતા. ત્યારબાદ કિશોરીએ રાત્રિ દરમિયાન શંકર હેરાન કરતો હોવાની ફરિયાદ પણ કરી હતી, પરંતુ માતા-પિતાએ વાતને અવગણી હતી. ત્યારબાદ બીજા દિવસે તેઓ પુત્રીને લેવા ગયા ત્યારે મામલો બહાર આવ્યો હતો

## વાપી મનપાનો 52.92 કિમી રોડ સ્ટ્રીટ લાઈટથી આવરી લેવાનો લક્ષ્યાંક

**રૂ.૨.૬૪** કરોડના ખર્ચે કુલ ૧૭૫૭ જેટલી સ્ટ્રીટ લાઇટ લગાવવાની કામગીરી પૂર્ણ



વાપીઃ વાપી મહાનગરપાલિકાના ઈલેક્ટ્રિકલ વિભાગ દ્વારા મહાનગરપાલિકા બન્યાના પ્રથમ વર્ષમાં કુલ ૪૬૯૪ સ્ટ્રીટ લાઈટ કે જે શહેરના ૫૨.૯૫ કિમીના માર્ગોને સ્ટ્રીટ લાઈટથી આવરી લેવામાં આવ્યા છે. તે મુજબનો લક્ષ્યાંક રાખવામાં આવેલા જેમાંથી કુલ રૂ.૨.૬૪ કરોડના ખર્ચે કુલ ૧૭૫૭ જેટલી સ્ટ્રીટ લાઈટ લગાવવાની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે. જેમાં મહાનગરપાલિકાના જુના નગરપાલિકા વિસ્તારમાં આવતા હનુમાન મંદિર રોડ, દેસાઈવાડ રોડ, કચીગામ ચેક પોસ્ટ રોડ, સ્ટેશન રોડ, કોપરલી રોડ, ગાંધી સર્કલ રોડ, જે ટાઈપ રોડ, કચીગામ રાઈસ મિલ રોડ વિગેરે માર્ગો ઉપર ૭૫૭ ડેકોરેટિવ હેરિટેજ સ્ટ્રીટ લાઈટ અને મહાનગરપાલિકામાં સમાવિષ્ટ થયેલ નામાધા, ચંડોર, બલીઠા, વટાર, મોરાઈ, કુંતા છીરી, છરવાડા, સલવાવ, કરવડ અને ચણોદ વિસ્તારમાં આવેલ આંતરિક માર્ગો ઉપર કુલ ૧૦૦૦ સ્ટ્રીટ લાઈટ રિપ્લેસ કરી લગાવવામાં આવી છે.સને ૨૦૨૫-૨૬ ના વર્ષમાં વાપી મનપા દ્વારા રૂ.૧૯ કરોડના ખર્ચે કુલ ૨૯૩૭ જેટલી સ્ટ્રીટ લાઈટ લગાવવાના કામો હાલ પ્રગતિ હેઠળ છે. વાપી મનપા તથા નવા ભળેલા ગામોમાં એલઈડી સ્ટ્રીટ લાઈટો તથા ડેકોરેટિવ સ્ટ્રીટ લાઈટો લગાવાઈ છે. આધુનિક હેરિટેજ ડેકોરેટિવ સ્ટ્રીટ લાઈટો અને અદ્યતન એલ.ઈ.ડી. સ્ટ્રીટ લાઈટ લાગવાથી શહેરના માર્ગો વધુ આકર્ષક બનશે.

## નવસારી સ્ટેશન વિસ્તારના રસ્તાની ખસતા હાલત

નવસારીઃ શહેરના સ્ટેશન વિસ્તારમાં મુસ્લિમ સોસાયટીમાં ગટરલાઈનનું કામ પૂર્ણ થયા બાદ પણ રહીશો માટે રાહત નથી મળી. છેલ્લા બે મહિનાથી રસ્તાઓની બગડેલી હાલતને કારણે રોજિંદી જીવન વ્યવસ્થા ખોરવાઈ ગઈ છે અને લોકો મુશ્કેલીઓ વચ્ચે જીવી રહ્યા છે.ગટર કામ દરમિયાન ખોદકામ થયા બાદ માટીના ઢગલા અને કાટમાળ દૂર કરવામાં આવ્યા નથી તેમજ બ્લોક પેવિંગનું સમારકામ પણ બાકી છે. પરિણામે સોસાયટીના ઉખડેલા રસ્તાઓના કારણે અકસ્માતનો ભય ઊભો થયો છે અને ખાસ કરીને વૃદ્ધો તથા બાળકોને અવરજવરમાં મુશ્કેલી પડી રહી છે. રહીશો દ્વારા અનેક વખત રજૂઆતો કરવા છતાં યોગ્ય પગલાં ન લેવાતા અસંતોષ વ્યાપ્યો છે. રહીશોએ પોતે જ સ્વખર્ચે કાટમાળ ખસેડવાનો પ્રયાસ કર્યો હોવાનું સામે આવ્યું છે. સામાજિક કાર્યકર ઈબ્રાહિમ સૈયદએ આ મુદ્દે તાત્કાલિક ધ્યાન આપવા અનુરોધ કર્યો છે.

## બાંદ્રા એક્સપ્રેસ ટ્રેનમાં જુગાર રમતી મહિલા સહિત 11 શખ્સ ઝડપાયા

**પોલીસથી** બચવા ભાગવા જતાં ટ્રેનની અડફેટે આવતા એક શખ્સનું કરુણ મોત



વાપી : વાપી રેલવે પોલીસ પાસેથી પ્રાપ્ત વિગતો અનુસાર, બાંદ્રા એક્સપ્રેસ ટ્રેનમાં મોટા પાયે જુગાર રમાતો હોવાની ચોક્કસ બાતમી પોલીસને મળી હતી. બાતમીના આધારે પોલીસે વ્યૂહાત્મક આયોજન કરી ઉદવાડા રેલવે સ્ટેશન પાસે ટ્રેનના આગળના એન્જિન પાછળ આવેલા વિકલાંગ કોચમાં દરોડા પાડ્યા હતા. આ કાર્યવાહી દરમિયાન કોચમાં ગેરકાયદેસર રીતે જુગાર રમી રહેલા મહિલાઓ સહિતના ઈસમોમાં ભારે નાસભાગ મચી ગઈ હતી.

પોલીસે સ્થળ પરથી કુલ 11 જુગારીઓની અટકાયત કરી હતી. આરોપીઓની અંગઝડતી દરમિયાન રોકડા રૂપિયા 2,18,600 અને રૂપિયા 1,25,000 ની કિંમતના 10 મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા 3,43,600 નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

દરોડા દરમિયાન રિતેશ સત્યનારાયણ, રાહુલ અને કાળુ રાઠોડ સહિત અન્ય 3 ઈસમો પોલીસને જોઈને ટ્રેક પર ભાગવા લાગ્યા હતા. કમનસીબે, પોલીસથી બચવા દોડતી વખતે કાળુ રાઠોડ (રહે. સુરત) બાજુના ટ્રેક પર આવતી અન્ય એક ટ્રેનની અડફેટે આવી ગયો હતો, જેના કારણે તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

**સુરત, વલસાડ-મહારાષ્ટ્રના 11 જુગારીયાની અટકાયત**

આકાશ સહાની, બલ્લુ પટેલ, અજય પાટીલ, સતિષ રાઠોડ, મંગળીબેન પવાર, ડિમ્પલબેન પ્રજાપતિ, ધર્મિષ્ઠા ઉર્ફે ધ્રુવી, જમનાબેન રવિ, સવિતા ઉર્ફે સરિતા, નિર્મલાબેન અને રવિ વિજયનો સમાવેશ થાય છે.

વાપી રેલવે પોલીસે તમામ પકડાયેલા આરોપીઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધ્યો છે, જ્યારે ભાગી છૂટેલા 6 શખ્સોને વોન્ટેડ જાહેર કર્યા છે. ટ્રેન અકસ્માતમાં થયેલા મોતના મામલે પોલીસે અલગથી અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## મહિલાઓના ફોટા અશ્લીલ બનાવી વાયરલ કરનાર ઝબ્બે

**પારડીની** મહિલાના ફોટા 12 મોબાઈલ નંબર, 7 ઇન્સ્ટાગ્રામ દ્વારા વાયરલ કર્યા હતા



પારડીઃ પારડી તાલુકાના એક ગામની મહિલાને તેના વોટ્સએપ પર ૨૦૨૫થી ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન એક અજાણ્યો શખ્સ બિભત્સ મેસેજ મોકલી હેરાન કરતો હતો. મહિલાએ નંબર બ્લોક કરવા છતાં, આરોપીએ હદ વટાવી દીધી હતી. તેણે અલગ-અલગ ૧૨ મોબાઈલ નંબર અને ૭ ઈન્સ્ટાગ્રામ આઈડી દ્વારા મહિલા, તેની નણંદ અને ભત્રીજીના ફોટા મેળવી એડિટ કરી અશ્લીલ બનાવી વાયરલ કર્યા હતા. એટલું જ નહીં, આરોપીએ કોઈ અજાણી સ્ત્રીના નગ્ન ફોટામાં પરિણીતાનો ચહેરો લગાવી તેના સગા-સંબંધીઓને મોકલી આપી બદનામ કરવાનો પ્રયાસ કર્યો હતો.

પીડિત મહિલાની ફરિયાદના આધારે પારડી પી.આઈ. જી.આર. ગઢવીએ ટેકનિકલ એનાલિસિસ હાથ ધર્યું હતું. ડિજિટલ ફૂટપ્રિન્ટ્સના આધારે પોલીસે તપાસનો ધમધમાટ તેજ કરી આરોપી હર્ષદ છગનભાઈ બાવીસીયા (રહે., ભિવંડી, મૂળ અમરેલી) ને મહારાષ્ટ્રથી ઝડપી પાડ્યો હતો. આરોપી પાસેથી ૧૭ સિમકાર્ડ અને મોબાઈલ ફોન કબજે લેવામાં આવ્યા છે.

પકડાયેલા આરોપી વિકૃત મગજ ધરાવતો હોવાનું સામે આવ્યું છે. તે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર મહિલાઓની પ્રોફાઈલ પર વોચ રાખતો હતો અને ત્યાંથી તેમના ફોટા મેળવતો હતો. ત્યારબાદ, આ ફોટાઓને એડિટિંગ કરી અશ્લીલ બનાવી, તે જ મહિલાઓને મોકલી આપી બદનામ કરવાની ધમકી આપતો હતો. મહિલા માનસિક દબાણમાં આવે ત્યારે તે બ્લેકમેલ કરીને પોતાની વિકૃત માંગણીઓ કે નાણાંની માંગ કરતો હતો.

## વાપીના વોર્ડ નં.૧૦માં ભાજપના પોસ્ટર ફાડવાનો વિડીયો વાયરલ

વાપીઃ વાપી મહાનગરપાલિકાની ચૂંટણીમાં પ્રચારનો આરંભ થયો છે તેવા સમયે વોર્ડ નં.૧૦માં ભાજપના પોસ્ટરને કોઈ બે યુવકો ફાડી રહ્યા છે તેવો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં આ વાત ચર્ચાનો વિષય બની છે. વોર્ડનં. ૧૦માં ભાજપના પ્રચાર માટે જાહેર સ્થળે મૂકેલા પોસ્ટરને બે યુવક આવીને ફાડતા વિડીયોમાં દેખાઈ રહ્યા છે. આમ ચૂંટણીને હજી દસ દિવસ બાકી છે ત્યારે આવો વિડીયો સોશિયલ મીડિયામાં ફરતો થતાં ચર્ચાનો વિષય બન્યો છે. આ પોસ્ટર ફાડનારા યુવકો કોણ છે તેની તપાસ થાય તો સાચું ચિત્ર બહાર આવી શકે.


## યુવતીએ લગ્નની ના પાડતા યુવકે હાથ મચડી નાંખ્યો

**છેડતી** કરનાર ઈસમ ગણેશની પોલીસે અટકાયત કરી

વાપીઃ વાપી નજીકના છીરીમાં રહેતો ઈસમે યુવતીનો પીછો કરી તેનો હાથ પકડી લગ્ન કરવાનું પૂછ્યું હતું. જે અંગે યુવતીએ ના પાડી હતી અને તે ઈસમ ઉશ્કેરાઈ ગયો હતો અને યુવતીનો હાથ પકડી મચડી નાંખ્યો હતો અને તે સમયે યુવતીની ટી-શર્ટ પણ ફાટી ગઈ હતી. આ બનાવ અંગેની ફરિયાદ વાપી ટાઉન પોલીસ મથકમાં કરવામાં આવી હતી.

મળતી વિગત અનુસાર, વાપી વિસ્તારમાં રહેતી યુવતી ચલા સ્થિત ઈન્સ્ટિટ્યુટમાં જઈ રહી હતી. તે સમયે વાપી નજીકના છીરીમાં રહેતો ગણેશ રાકેશ ગુપ્તા મોપેડ લઈને તેનો પીછો કર્યો હતો અને પાર્કિંગ સ્થળે પહોંચી ગયો હતો અને યુવતીને રોકી તેને લગ્ન કરવા અંગેનું પૂછ્યું હતું. જેથી યુવતીએ લગ્ન માટે ના પાડી દીધી હતી. જેથી ગણેશ ઉશ્કેરાઈ ગયો હતો યુવતીનો હાથ પકડી મચડી નાંખ્યો હતો જેમાં યુવતીની ટી-શર્ટ પણ ફાટી ગઈ હતી. જે બાદ યુવતીએ 112 પોલીસ ટીમને ફોન કર્યો હતો. જે બાદ પોલીસ ટીમ આવી પહોંચી હતી અને છેડતી કરનાર ઈસમ ગણેશની અટક કરવામાં આવી હતી. આ બનાવ અંગેની ફરિયાદ યુવતીએ વાપી ટાઉન પોલીસ મથકમાં કરી હતી.

## ખેરગામ માર્કેટ યાર્ડમાં હાફુસ, કેસર, રાજાપુરી કેરીનું આગમન



ખેરગામઃ ખેરગામ માર્કેટયાર્ડમાં વેપારી ઝાકિરભાઈ શેખની દુકાન ઉપર કેસર, હાફૂસ, રાજાપુરી અને દેશી જાતની કેરી વેચાણ માટે આવી હતી. હાલમાં કેસર કેરી રૂ.2000થી 2500, હાફૂસ રૂ.1800થી 2200, રાજાપુરી રૂ.800થી 1000 અને દેશી કેરી રૂ.400થી 500 સુધી વેચાઈ રહી છે. હાલના સમયમાં કેરીની આવક ઓછી હોવાના કારણે બજારમાં માંગ વધુ અને પુરવઠો મર્યાદિત છે, જેના કારણે ભાવ ઊંચા રહ્યા છે. વેપારીઓના જણાવ્યા મુજબ આગામી દિવસોમાં તાપમાનમાં વધારો અને પાક પૂર્ણપણે તૈયાર થતા આવકમાં નોંધપાત્ર વધારો થશે. ખાસ કરીને 25 એપ્રિલ અથવા મે મહિનાની શરૂઆતથી માર્કેટયાર્ડમાં કેરીની નિયમિત અને મોટા પાયે આવક શરૂ થશે. જો કે, આ વર્ષે કેરીનો પાક ખેડૂત અને વેપારીઓની જાણકારી મુજબ ઓછો છે. હાલની સ્થિતિ પ્રમાણે સીઝનની શરૂઆત સકારાત્મક રહી છે અને જો હવામાન અનુકૂળ રહેશે તો આ વર્ષે કેરીના વેપારમાં તેજી જોવા મળશે તેવી આશા વેપારીઓ અને ખેડૂતો બંને દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## દમણના કોસ્ટલ હાઈવે પર વાહન અડફેટે આધેડનું મોત

દમણઃ દમણમાં બુધવારે રાત્રે 8 કલાકની આસપાસ દુનેઠાના અવી ગ્લોબ નામની કંપનીની સામેના કોસ્ટલ હાઈવે પર એક વાહનની અડફેટે એક અજાણ્યા 60 વર્ષની આસપાસના વૃદ્ધનું માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા મોત નીપજ્યું હતું. વૃદ્ધને તાત્કાલિક એમ્બ્યુલન્સ મારફતે મોટી દમણની પી.એચ.સી. હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતાં. જ્યાં ફરજ પરના ડોક્ટરોએ વૃદ્ધને મૃત જાહેર કરતાં આ મામલે હોસ્પિટલ સંચાલકોએ દમણ પોલીસને જાણ કરતાં પોલીસની એક ટીમ હોસ્પિટલ અને સ્થળ પર પહોંચી જરૂરી કાર્યવાહી કરી પોલીસ ચોપડે ગુનો દાખલ કરી ઓળખની દિશામાં તપાસ હાથ ધરી છે.

## સ્ટ્રીટ વેન્ડર એક્ટના અમલ અંગે સાંસદને રજૂઆત

**અખિલ** ભારતીય ઉપભોક્તા ઉત્થાન સંગઠનની અમલીકરણ અંગે રજૂઆત

વલસાડઃ ભારત સરકાર દ્વારા 2014માં ભારતના અંદાજે 50 લાખ કરતાં વધુ સ્ટ્રીટ વેન્ડરોનાં હિત માટે હોકર ઝોન નીતિ (સ્ટ્રીટ વેન્ડર એક્ટ -2014) અમલમાં મૂકી હતી. જેનો અમલીકરણ 12 વર્ષે પણ વલસાડ જિલ્લાની નગરપાલિકાઓ તથા વાપી મહાનગરપાલિકા વિસ્તારોમાં નહીં થતાં અખિલ ભારતીય ઉપભોક્તા ઉત્થાન સંગઠન વલસાડ દ્વારા વલસાડનાં સંસદ સભ્યને લેખિત રજૂઆત કરી છે. અખિલ ભારતીય ઉપભોક્તા ઉત્થાન સંગઠનનાં પ્રદેશ ઉપપ્રમુખ વિજયકુમાર ગોયલે સંસદસભ્ય ધવલભાઈ પટેલને કરેલી રજૂઆતમાં સ્ટ્રીટ વેન્ડર એક્ટનો અમલ તો થયો જ નથી પરંતુ ટાઉન વેન્ડિંગ કમિટીની રચના પણ થઈ નથી કે હોકર ઝોનની પસંદગી પણ થઈ નથી. સ્ટ્રીટ વેન્ડર એક્ટ અનુસાર રાજ્ય સરકારે નિયમો અને યોજના બનાવી સ્ટ્રીટ વેન્ડરોની સુરક્ષાની વ્યવસ્થા કરી એનો અમલ નગરપાલિકાઓ તથા મહાનગરપાલિકાઓ દ્વારા કરાવવાનો હોય છે. વલસાડ જિલ્લાની વલસાડ, ધરમપુર, પારડી, ઉમરગામ નગરપાલિકાઓ તથા વાપી મહાનગરપાલિકા વિસ્તારોમાં લારી પાથરણાવાળા એટલે કે હોકર્સ ધંધો કરે છે પણ એમને કાયદેસરનો હક્ક નથી.